



# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા સુદ બીજ, મંગળવાર ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૭૪

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦







## ઉત્તર ભારતમાં શીત લહેર યથાવતઃ કાશ્મીર અને રાજસ્થાનમાં રાહત

**નવી દિલ્હીઃ** સોમવારે જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ જેવા ઉત્તરીય રાજ્યોમાં શીત લહેરની સ્થિતિ યથાવત રહી હતી. જોકે, કાશ્મીર, રાજસ્થાન અને અન્ય કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો હતો. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સોમવારે સવારે ધુમ્મસની ચાદર છવાયેલી રહી હતી, જેમાં સરેરાશ એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ)

...અનુસંધાન પાના 13 પર

## જિનપિંગ પાકિસ્તાન જશે

ચીની પ્રમુખ શી જિનપિંગ ટૂંક સમયમાં પાકિસ્તાનની મુલાકાત લેવાના છે, જે ભારત માટે વ્યૂહાત્મક રીતે ચિંતાનો વિષય છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય CPEC 2.0 (ચાઇના-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોરનો બીજો તબક્કો) ને વેગ આપવાનો છે. આ નવા તબક્કામાં ચીન પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં રસ્તાઓ અને ઉર્જા પ્રોજેક્ટ્સનું વિસ્તરણ કરવા માંગે છે, જેને ભારત પોતાની સંપ્રભુતાનું ઉલ્લંઘન

...અનુસંધાન પાના 13 પર

# ચાંદી પહેલીવાર રૂ. 3 લાખને પાર

**કિલોએ** રૂ. ૧૦૦૦૦નો ઉછાળો, જો કે કેટલાક નિષ્ણાતો હવે આ સફેદ ધાતુના ભાવમાં ઘટાડો સર્જાવાની પણ ચેતવણી આપે છે

**સોનુ** પણ રૂ. ૧૯૦૦ વધીને રૂ. 1,48,100 પ્રતિ 10 ગ્રામની નવી ઉંચાઇએ

**સિલ્વર** ફ્યુચર ૬ ટકાના ઉછાળા સાથે રૂ. 3,04,200 પ્રતિ કિલોગ્રામ

**વર્ષની** શરૂઆતના ૧૯ જ દિવસમાં ચાંદીના ભાવમાં રૂ. ૬૩૬૦૦નો વધારો થઇ ગયો

**નવી દિલ્હી, તા. 19:** સોમવારે ચાંદીના ભાવમાં રૂ. 10,000નો ઉછાળો આવ્યો હતો, જેનાથી રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીનો ભાવ પ્રથમ વખત રૂ. 3 લાખ પ્રતિ કિલોગ્રામની ઐતિહાસિક સપાટીને વટાવી ગયો હતો. સોમવારે આ સફેદ ધાતુ રૂ. 3,02,600 પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી, જ્યારે અગાઉના સત્રમાં તે રૂ. 2,92,600 પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી. સ્થાનિક બુલિયન માર્કેટમાં સોનાના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો હતો અને તેણે નવો રેકોર્ડ બનાવ્યો હતો. સોનાનો ભાવ રૂ. 1,900 વધીને રૂ. 1,48,100 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચ્યો હતો. શુક્રવારે સોનું રૂ. 1,46,200 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું હતું.

સ્થાનિક ભાવમાં જોવા મળેલી તેજી પાછળ અનેક પરિબળોનો ફાળો રહ્યો છે, જેમાં અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા, સતત ચાલતી ભૂરાજકીય તણાવની સ્થિતિ અને સોલર પાવર, ઈલેક્ટ્રિક વાહનો (EV) તથા ઈલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાં મજબૂત ઔદ્યોગિક માંગનો સમાવેશ થાય છે. ચાંદીની 'ઔદ્યોગિક ધાતુ' અને 'સુરક્ષિત રોકાણ' તરીકેની બેવડી ભૂમિકાને કારણે સંસ્થાગત તેમજ છૂટક રોકાણકારોનો રસ સતત જળવાઈ રહ્યો છે. વિશ્લેષકોના મતે, સમયાંતરે નફો બુક કરવાની પ્રવૃત્તિ છતાં એકંદર વલણ તેજીનું જણાય છે. એક નિષ્ણાતના જણાવ્યા અનુસાર, સોલર એનર્જી, EVs, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈલેક્ટ્રોનિક્સની માળખાકીય માંગ તેમજ સુરક્ષિત રોકાણ તરીકેનો પ્રવાહ ચાંદીની લાંબા ગાળાની મજબૂતીને ટેકો આપી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, તાજેતરની ભાવચાલ ટૂંકા ગાળાના નફાબુકિંગને પ્રતિબિંબિત કરે છે, પરંતુ વ્યાપક દૃષ્ટિકોણ હજુ પણ સકારાત્મક છે.

...અનુસંધાન પાના 13 પર

### એક મહિનામાં એક લાખ રૂ.નો વધારો

છેલ્લા કેટલાક સમયમાં ચાંદીના ભાવ ખૂબ ઝડપથી વધ્યા છે જેમાં ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ચાંદીનો ભાવ કિલોએ ૨૦૩૦૫૦૦ રૂ. હતો તે સોમવારે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રૂ. ૩૦૨૬૦૦ થઇ ગયો છે એટલે કે એક જ મહિનામાં તેના ભાવમાં એક લાખ રૂ. જેટલો વધારો નોંધાયો છે. આ વધારા માટે ચીન પણ એક મહત્વનું કારણ મનાય છે જ્યાં ચાંદી પ્રિમિયમ ભાવે વેચાય છે એટલે કે વૈશ્વિક ભાવો કરતા ઘણા ઉંચા ભાવે વેચાય છે, દેખીતી રીતે ત્યા ચાંદીની માગ ઘણી વધારે છે.




# યુએઇના પ્રમુખ માત્ર સાડા ત્રણ કલાકની મુલાકાતે દિલ્હી આવ્યા

**તેમને** આવકારવા વડાપ્રધાન મોદી પોતે એરપોર્ટ પર ગયા, સાડા ત્રણ કલાકમાં મુલાકાત પતાવી રવાના થઇ ગયા, 2032 સુધીમાં $200 અબજનું વેપાર લક્ષ્ય, સંરક્ષણ અને ઉર્જા ક્ષેત્રે ઐતિહાસિક કરારો, અબુ ધાબીમાં સ્થપાશે 'હાઉસ ઓફ ઈન્ડિયા'

**નવી દિલ્હી, તા. 19 :** યુએઇના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન લગભગ બે કલાકની ટૂંકી મુલાકાતે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા, જ્યાં વડાપ્રધાન મોદીએ પ્રોટોકોલ તોડીને એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. બંને નેતાઓ એકબીજાને ઉષ્માભર્યા ભાવે ભેટતા જોવા મળ્યા હતા, જે ભારત-યુએઇ સંબંધોમાં

...અનુસંધાન પાના 13 પર

### શેખ ઝાયેદને મોદીએ ગુજરાતનો નકશીદાર હીંચકો અને પશમીના શાલ ભેટમાં આપ્યા

મોદીએ તેમને ગુજરાતનો એક શાહી કોતરણીવાળો લાકડાનો હીંચકો અને કાશ્મીરની પશ્મિના શાલ તેલંગાણામાં બનેલા ચાંદીના ડબ્બામાં રાખીને ભેટ આપી. મોદીએ પ્રમુખના માતા શેખા ફાતિમા બિંત મુબારક અલ કેતબીને પણ એક પશ્મિના

...અનુસંધાન પાના 13 પર

### ધોલેરાના વિકાસમાં યુએઇ ભાગીદારી કરશે

UAEની કંપનીઓ DP વર્લ્ડ અને ફર્સ્ટ અબુ ધાબી બેંક ગુજરાતના GIFT સિટીમાં પોતાની ઓફિસ શરૂ કરશે. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન (SIR)ના વિકાસમાં પણ UAE ભાગીદારી કરશે. આ સમજૂતી હેઠળ ધોલેરામાં

...અનુસંધાન પાના 13 પર

# નીતિન નબીન ભાજપના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ



**નીતિનની** ચૂંટણી ભાજપમાં પેઢીગત પરિવર્તન અને નવા યુગનો સંકેત

**નીતિન** આજે વિધિવત રીતે પદભાર સંભાળશે

**વડા પ્રધાન** મોદી, અમિત શાહ, રાજનાથ સિંહ, ગડકરી જેવા દિગ્ગજ નેતાઓ તેમના પ્રસ્તાવકોમાં સામેલ હતા

**નવી દિલ્હી, તા. 19 (PTI):** 45 વર્ષીય નીતિન નબીન સોમવારે ભારતીય જનતા પાર્ટીના (ભાજપ) રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાયા છે. ભાજપના ઈતિહાસમાં આ સર્વોચ્ચ પદ સંભાળનારા તેઓ અત્યાર સુધીના સૌથી યુવા નેતા છે. બિહારના પાંચ વખત ધારાસભ્ય રહી ચૂકેલા નબીન આ પદ માટેના એકમાત્ર ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓએ તેમના સમર્થનમાં નામાંકન પત્રો દાખલ કર્યા હતા. નીતિન નબીન મંગળવારે વિધિવત રીતે પદભાર સંભાળશે અને જે.પી. નડ્ડાનું સ્થાન લેશે, જેઓ 2020થી પક્ષનું સુકાન સંભાળી રહ્યા હતા. ચૂંટણી અધિકારી કે. લક્ષ્મણે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે માત્ર નીતિન નબીનનું નામ જ પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું. નબીનના સમર્થનમાં નામાંકનના

...અનુસંધાન પાના 13 પર

### આગામી વિધાનસભા ચૂંટણીઓમાં થશે નીતિનની કસોટી

નીતિન નબીનનો જન્મ 1980માં થયો હતો, જે વર્ષે ભાજપની સ્થાપના થઈ હતી. તેમની વરણી પક્ષમાં એક પેઢીગત પરિવર્તન અને નવા યુગનો સંકેત આપે છે. ભારતીય જનતા યુવા મોરચાથી કારકિર્દી શરૂ કરનાર નબીને છત્તીસગઢ વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં પક્ષના સહ-પ્રભારી તરીકે શાનદાર દેખાવ કરીને કેન્દ્રીય નેતૃત્વને પ્રભાવિત કર્યું હતું. પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળ જેવી આગામી વિધાનસભા ચૂંટણીઓ તેમના નેતૃત્વ માટે મુખ્ય કસોટી સાબિત થશે.

## દિલ્હી ડાયરી



### કોંગ્રેસની નફરત વિરુદ્ધ 'પ્રેમ'ની પહેલ

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીથી પ્રેરિત થઈને ઉત્તર પ્રદેશ કોંગ્રેસ દ્વારા તાજેતરમાં ગાઝિયાબાદના શાલીમાર ગાર્ડનમાં એક 'ખાસ' પહેલ કરવામાં આવી હતી. એઆઈસીસી સચિવ શાહનવાઝ આલમના નેતૃત્વમાં પક્ષના નેતાઓએ એ જ વિસ્તારમાં ગુલાબ અને ભારતના બંધારણની પ્રસ્તાવનાની નકલો વહેંચી હતી, જ્યાં ત્રણ દિવસ પહેલા 'હિન્દુ રક્ષા દળ' દ્વારા તલવારો વહેંચવામાં આવી હતી. કથિત હિન્દુત્વવાદી સંગઠને હિન્દુ પરિવારોને આત્મરક્ષણ અને તેમની મહિલાઓની સુરક્ષા માટે શસ્ત્રનો ઉપયોગ કરવાનું કહીને તલવારો વહેંચી હતી. આ ઘટના દિલ્હીની સત્તાના કેન્દ્રથી માત્ર થોડા કિલોમીટર દૂર અને વડા પ્રધાન તથા ગૃહમંત્રીની નજર હેઠળ ધોળા દિવસે બની હતી. ઉત્તર પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ શરૂઆતમાં ગુલાબ વહેંચવાનું અને 'નફરત વિરુદ્ધ પ્રેમ'નો સંદેશ આપવાનું આયોજન કર્યું હતું, પરંતુ બાદમાં તેઓએ તેમાં 'બંધારણીય સ્પર્શ' ઉમેરવાનું નક્કી કર્યું. આ ભાજપ અને તેના સહયોગી સંગઠનો દ્વારા

...અનુસંધાન પાના 13 પર

### હવામાન

તા. ૧૯-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૮.૪° સે. | ૧૫.૨° સે. | ૪૬% |

### ગ્રીનલેન્ડ આપો અથવા વેપાર યુદ્ધ ભોગવોઃ ટ્રમ્પની નાટો અને યુરોપને ખુલ્લી ધમકી

# નોબેલ નથી મળ્યો, એટલે હવે હું શાંતિ માટે બંધાયેલો નથીઃ ટ્રમ્પ

**અમેરિકી** પ્રમુખે નોર્વેના વડાપ્રધાનને લખેલો એક પત્ર લીક થઇ ગયો

**આ પત્રમાં** ટ્રમ્પે ગ્રીનલેન્ડ પરના પોતાના દાવાને વાજબી ઠરાવવાનો પ્રયાસ કર્યો છે, નાટોને દબડાવવાનો પ્રયાસ કર્યો છે

**વૉશિંગ્ટન, તા. 19 :** ડોનાલ્ડ ટ્રમ્પે આજે ગ્રીનલેન્ડ મુદ્દે નોર્વેના વડાપ્રધાનને એક સંદેશ પાઠવીને નાટો પર દબાણ વધાર્યું છે, જેમાં તેમણે ચેતવણી આપી છે કે તેઓ હવે 'માત્ર શાંતિ વિશે વિચારવા માટે બંધાયેલા નથી' કારણ કે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો નથી. નોર્વેજીયન પ્રેસ અનુસાર, અમેરિકી પ્રમુખે જોનાસ ગાહર સ્ટોરને લખેલા એક પત્રમાં ફરીથી માંગણી કરી છે કે ગ્રીનલેન્ડ અમેરિકાને સોંપી દેવામાં આવે, કારણ કે ડેનમાર્ક તેને રશિયા અને ચીનથી બચાવી શકે તેમ નથી. તેમણે કથિત રીતે કહ્યું હતું કે, 'મેં તેની સ્થાપના પછી નાટો માટે અન્ય કોઈપણ વ્યક્તિ કરતા વધુ કામ કર્યું છે, અને હવે નાટોએ અમેરિકા માટે

...અનુસંધાન પાના 13 પર

### નોર્વેના વડાપ્રધાનનો પત્ર ડોનાલ્ડ ટ્રમ્પને ઉશ્કેરી ગયો

**વૉશિંગ્ટન :** રવિવારે, ટ્રમ્પની એ જાહેરાત પછી કે જો યુરોપિયન યુનિયનના (EU) દેશો ગ્રીનલેન્ડ પર કબજો મેળવવાના તેમના માર્ગમાં અવરોધ બનશે તો તેઓ તેમના પર નવા ટેરિફ લાદશે, નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરે અમેરિકી પ્રમુખને એક પત્ર લખ્યો હતો. સ્ટોરે પત્રમાં લખ્યું હતું કે, 'પ્રિય શ્રીમાન પ્રમુખ, પ્રિય ડોનાલ્ડ - એટલાન્ટિક પારના સંપર્ક અંગે - ગ્રીનલેન્ડ, ગાઝા, યુક્રેન અને ગઈકાલે તમારી ટેરિફની જાહેરાત વિશે.' 'તમે આ મુદ્દાઓ પર અમારું વલણ જાણો છો. પરંતુ અમારું માનવું છે કે આપણે બધાએ

...અનુસંધાન પાના 13 પર

### ગ્રીનલેન્ડને બચાવવા યુરોપીય દેશોએ માત્ર 40 સૈનિક મોકલ્યા

**નવી દિલ્હી :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકીઓ વચ્ચે યુરોપની લશ્કરી એકતા ચર્ચાનો વિષય બની છે. ગ્રીનલેન્ડની સુરક્ષા માટે સાત યુરોપિયન દેશોના આશરે 40 સૈનિકો રાજધાની નુઉક પહોંચ્યા છે, જેમાં બ્રિટેને માત્ર 1 સૈનિક મોકલ્યો છે. ડેનમાર્ક, જર્મની અને ફ્રાન્સ સહિતના નાટો દેશોએ મળીને 'ઓપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ' નામે સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ઇટાલીના સંરક્ષણ મંત્રીએ આટલી ઓછી સંખ્યામાં સૈનિકોની તૈનાતીને 'મજાક' ગણાવી સવાલો ઉઠાવ્યા છે.

...અનુસંધાન પાના 13 પર

### ગ્રીનલેન્ડ પરના રશિયન ખતરાને રોકવા માટેનો સમય આવી ગયો છેઃ ટ્રમ્પે કહ્યું

**વૉશિંગ્ટન, તા. ૧૯:** ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે ગ્રીનલેન્ડ પરના કહેવાતા રશિયન ખતરાને રોકવા માટે 'આ જ યોગ્ય સમય' છે, અને પોતાના પ્રદેશની રક્ષા કરવામાં નિષ્ફળ રહેવા બદલ ડેનમાર્કની આકરી ટીકા કરી છે. ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને 'કોઈપણ ભોગે' હસ્તગત કરવાની આ તાજેતરની ધમકી એવા સમયે આવી છે જ્યારે યુરોપિયન યુનિયને પણ વળતા આકરા ટેરિફ લાદવાની ચેતવણી આપી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે અગાઉ એવા દેશોને સજા કરવાની ખાતરી આપી હતી જેઓ આ આર્કટિક રાષ્ટ્ર પર અમેરિકાના

...અનુસંધાન પાના 13 પર


